ખેતી વિષયક હેતુઓ માટે વહેણ સિંચાઇ તથા ઉદવહન સિંચાઇ માટે જળાશયો, નહેરો, નોટીફાઇડ નદીઓ, નાળામાંથી સિંચાઇ માટે અપાતા પાણીના દર.

ગુજરાત સરકાર,
નર્મદા, જળસંપતિ ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ઠરાવ ક્રમાંક - ડબલ્યુટીઆર / ૧૦૯૭ / ૨૦ / પી
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૮ /૫/૨૦૦૪

વંચાણે લીધા -

(૧) ન.જ.સં. અને પા.પુ.વિભાગનો ઠરાવ ક્રમાંક-ડબલ્યુટીઆર / ૧૦૯૭ / ૨૦ / પી / તા. ૮/૧/૨૦૦૧

આમુખ -

રાજ્યની બહુલક્ષી, મોટી, મધ્યમ અને નાની તથા પંચાયતોને તબદીલ થયેલ બીજા વર્ગ સિવાયની તમામ સિંચાઇ યોજનાઓ પરથી ખેતી વિષયક હેતુઓ માટે અપાતા પાણીના દરોનું માળખું સંદર્ભ (૧) હેઠળના ઠરાવથી તા. ૧૬/૨/૨૦૦૧થી અમલમાં આવે તે રીતે નક્કી કરાયેલ છે. જેમાં તા. ૧૬/૬/૨૦૦૧ થી શરૂ થતા સિંચાઇ વર્ષથી દર વર્ષે ડાંગર અને શેરડીના પાકો માટે ૨૫ ટકા તથા અન્ય પાકો માટે ૫૫ ટકા પ્રમાણે ઉત્તરોત્તર ભાવ વધારો કરવાની તથા પાંચ વર્ષ પૂરા થયા પછી આ દરોની સમીક્ષા કરવાની જોગવાઇ રાખેલ છે.

ઉપર જણાવ્યા મુજબના નવા ભાવોનો અમલ શરૂ થતાં દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં ડાંગર અને શેરડીના ભાવો ઉંચા હોવા અંગે તથા અન્ય પાકોના સિંચાઇના દરો પણ ઉંચા હોવા બાબત રજુઆત થયેલ હતી. વધુમાં, રાજ્યના એક ભાગમાં આ દરો અસમાન રાખેલ હોઇ દરો ઘટાડવા અથવા રાજ્યના અન્ય વિસ્તારો પ્રમાણે દક્ષિણ અને મધ્ય ગુજરાત માટે પણ સિંચાઇના દરો એકસમાન રાખવા બાબતે વિવિધ સ્તરોએથી થયેલ રજુઆતોને ધ્યાને લઇ ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં જે પ્રકારે રાહત દર આપવામાં આવેલ હતા તે મુજબ સમગ્ર રાજ્યમાં એકસમાન સિંચાઇ દરો લાગુ પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. ઉક્ત બાબતે તમામ રજુઆતોનો તલસ્પર્શી અભ્યાસ કરી સિંચાઇ માટે અપાતા પાણીના હયાત દરોમાં ફેરફાર કરી સમગ્ર રાજ્યમાં એક સરખા દરો લાગુ પાડવાનો નિર્ણય સરકારશ્રીએ કરેલ છે.

ઠ રા વ -

ઉપરોક્ત તમામ બાબતોની કાળજીભરી વિચારણાને અંતે સંદર્ભ (૧) હેઠળના ઠરાવથી નક્કી કરાયેલ દરોના માળખામાં નીચે મુજબ ફેરફાર / સુધારા કરવાનું સરકારશ્રી ઠરાવે છે.

(૧) તા. ૧૬/૬/૨૦૦૧ થી શરુ થતા સિંચાઇ વર્ષથી રાજ્યના તમામ વિસ્તારોમાં તમામ પાકો માટે દરો એકસરખા રહેશે તથા શેરડી અને ડાંગરમાં પાણીના દરોમાં ઉત્તરોત્તર ૨૫ ટકા ભાવ વધારો થતો હતો તેના બદલે તમામ પાકો માટે અપાતા પાણીના દરોમાં ઉત્તરોત્તર ભાવ વધારો પ્રતિ વર્ષ ૧૫ % ના દરે થશે.

(૨) તા. ૧૬/૨/૨૦૦૧ ની પશ્ચાદવર્તી અસરથી લાગુ પડતા નવા ભાવો સામેલ દરના માળખા મુજબ રહેશે.

(૩) જે ખેડુતોએ તા. ૮/૧/૨૦૦૧ ના ઠરાવ મુજબના દરોએ ચુકવણું કરી દીધેલ છે. તેઓના નાણાં આગોતરા જમા ગણીને હવે પછીની સીઝનમાં કોઇપણ જાતના વ્યાજ સિવાય સરભર કરવામાં આવશે અને તેને આગોતરા ચુકવણા તરીકે ગણવામાં આવશે.

(૪) ઠરાવ સ્વાના થયાની તારીખથી છ મહિના સુધીમાં નવાદરે બાકી લેણાં ખેડૂતો પાસેથી વસુલ લેવાં. આ સમયગાળા પછીનાં બાકી લેણાં પર પ્રવર્તમાન નિયમોનુસાર વ્યાજ ગણવામાં આવશે.

(૫) ઉપરોક્ત ફેરફાર સિવાય સંદર્ભ (૧) હેઠળના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા. ૧૬-૨-૦૪ ના રોજ મળેલ સંમતિના આધારે કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બિડાણ:- પરિશિષ્ઠ.

( એન.બી.પટેલ )
ઉપસચિવ (સિંચાઇ)
ન.જ.સં. પા.પુ. અને ક.વિ.

પ્રતિ,

માનનીય મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માનનીય મંત્રીશ્રીઓ-તમામના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ-તમામના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર

માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી,ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર

નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર.

એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત-અમદાવાદ/રાજકોટ

ખેતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, કૃષિભવન, સેકટર-૧૦,ગાંધીનગર.

વિસ્તાર વિકાસ કમિશ્નરશ્રી,અમદાવાદ/રાજકોટ.

વહીવટી સંચાલકશ્રી, સરદાર સરોવર નર્મદા નિગમ લિ. ગાંધીનગર.

વહીવટી સંચાલકશ્રી, ગુજરાત જળ સંપતિ વિકાસ નિગમલિમી.ગાંધીનગર.

નિયામકશ્રી, વાલ્મી, આણંદ.

નાણાંકીય સલાહકારશ્રી,નર્મદા જળ સંપતિ અને પાણી પુરવઠા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.

માહિતિ કમિશ્નરશ્રી, માહિતિ ખાતુ, ગુજરાત રાજ્ય,ગાંધીનગર-બહોળી પ્રસિધ્ધિ સારુ.

નર્મદા, જળ સંપતિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના તમામ મુખ્ય ઇજનેર અને અધિક સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.

નર્મદા, જળ સંપતિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની જ, જ-૫, ક, ક-૧, ક-૨,ક-૩, ક-૬,ક-૭,આઈ, શાખાઓ, સચિવાલય, ગાંધીનગર.

નર્મદા, જળ સંપતિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળના તમામ અધિક્ષક ઇજનેરશ્રીઓ,(સરદાર સરોવર નર્મદા નિગમ અને પાણી પુરવઠા પ્રભાગ સિવાયના)

નર્મદા, જળ સંપતિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળના તમામ કાર્યપાલકઇજનેરશ્રીઓ,(સરદાર સરોવર નર્મદા નિગમ અને પાણી પુરવઠા પ્રભાગ સિવાયના)

સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ

સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.

સિલેકટ ફાઈલ.

ન,જ,સં, પા, પુ,અને કલ્પ. વિભાગના ઠરાવ ક્રમાંક:-ડબલ્યુટીઆર/૧૦૯૭/૨૦/પી, તા૧૮/૫/૨૦૦૪નું બિડાણ.

| પરિશિષ્ટ.૧ | | |
|---|---|---|
| તા.૧૬/૨/૨૦૦૧ થી અમલમાં આવતું વહેણ સિંચાઇ માટે અપાતા પાણીના દરનું માળખું. | | |
| અ.નં. | પાક,મોસમ અને અન્ય વિગત | પાણીના હેક્ટર દીઠ દર(રુપિયામાં) તા.૧૬/૨/૨૦૦૧થી તા.૧૫/૬/૨૦૦૧ સુધી |
| ૧ | ૨ | ૩ |
| ક | ખરીફ મોસમ | |
| ૧ | ડાંગર | ૩૦૦ |
| ૨ | મોસમ અગાઉ એક માસ દરમ્યાન ડાંગરના ધરુવાડીયાની પાણી સાથેની ખરીફ ડાંગર | ૩૪૦ |
| ૩ | નવસાધ્ય થયેલ ક્ષારવાળી જમીનમાં ડાંગરના દર | |
| | અ. પ્રથમ અને બીજા વર્ષે | ૭૦ |
| | બ.ત્રીજા અને ચોથા વર્ષે | ૧૧૦ |
| | ક. પાંચ વર્ષથી ઉપર | ઉપર (૧) અને(૨) મુજબ |
| ૪ | બાજરી,બાવટો,જુવાર,કોદરી,મકાઇ અને પાછેતર ખરીફ જુવાર જેવા પાકો | ૭૦ |
| ૫ | ઉકાઇ કાકરાપાર વિસ્તાર માટે દેશી ખરીફ જુવાર (મોસમ.૧ઓગસ્ટથી ૩૧.ડીસેમ્બર) | ૧૧૦ |
| ૬ | શાકભાજી,ઘાસ અને ઉપર દર્શાવ્યા સિવાયના કઠોળ સહિતના અનાજના અન્ય પાક | ૧૧૦ |
| ૭ | મગફળી, કપાસ અને ઉપર દર્શાવ્યા સિવાયના કઠોળ સહિતના અનાજના અન્ય ખરીફ પાક | ૧૮૦ |
| ખ | રવિ મોસમ | |
| ૮ | ઘંઉ | ૨૦૦ |
| ૯ | રાયડો | ૨૦૦ |
| ૧૦ | ચણા,વાલ જેવા પાકો | ૯૦ |
| ૧૧ | ચણા,(મોસમ.૧૫ નવેમ્બરથી ૧૪. એપ્રિલ)જેવા પાકો | ૨૨૫ |
| ૧૨ | જીરુ,વરીયાળી,ઇસબગુલ,( મોસમ.૧૫ નવેમ્બરથી ૧૪. એપ્રિલ) | ૩૬૦ |
| ૧૩ | શાકભાજી,ઘાસ અને અનાજના અન્ય પાક | ૧૮૦ |
| ૧૪ | ઉપર દર્શાવ્યા સિવાયના અન્ય રવિ પાક | ૨૭૦ |

ન,જ,સં, પા, પુ.અને કલ્પ.વિભાગના ઠરાવ ક્રમાંક:-ડબલ્યુટીઆર/૧૦૯૭/૨૭/પી, તા૧૮/૫/૨૦૦૪નું બિડાણ.

પરિશિષ્ટ.૧

તા.૧૬/૨/૨૦૦૧ થી અમલમાં આવતું વહેણ સિંચાઈ માટે અપાતા પાણીના દરનું માળખું.

| અ.નં. | પાક,મોસમ અને અન્ય વિગત | પાણીના હેક્ટર દીઠ દર(રુપિયામાં)<br>તા.૧૬/૨/૨૦૦૧થી તા.૧૫/૬/૨૦૦૧ સુધી |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| અ | ઉનાળું મોસમ | |
| ૧૫ | ઉનાળું ડાંગર (મોસમ ૧૬ નવેમ્બરથી ૩૧મી.મે.) | ૬૭૫ |
| ૧૬ | શાકભાજી,ઘાસ અને અનાજના અન્ય પાક | ૨૫૦ |
| ૧૭ | ઉનાળુ મગફળી અને ઉપર દર્શાવ્યા સિવાયના અન્ય ઉનાળુ પાક (જરુર જણાય ત્યારે ઉનાળુ મગફળી માટેની મોસમ ૧૫ જાન્યુઆરી થી ૧૪ મે ગણવી) | ૩૬૦ |
| બ | બે મોસમી પાક | |
| ૧૮ | કપાસ, બીડી-તમાકુના પાક<br>બ્રેકઅપ | ૩૬૦ |
| | ખરીફ | ૧૩૫ |
| | રવિ (દક્ષિણ ગુજરાત માટેની મુદત ૧લી ઓગસ્ટ થી ૧૫મી. એપ્રિલ ગણવી) | ૨૨૫ |
| ૧૯ | બીડી-તમાકુ સિવાયની અન્ય જાતની તમાકુના પાક<br>બ્રેકઅપ | ૪૫૦ |
| | ખરીફ | ૧૮૦ |
| | રવિ | ૨૭૦ |
| ૨૦ | કળી ડુંગળી<br>બ્રેકઅપ | ૨૨૦ |
| | ખરીફ | ૮૦ |
| | રવિ | ૧૪૦ |
| ૨૧ | રોપણી ડુંગળી<br>વાર્ષિક બ્રેકઅપ | ૩૬૦ |
| | ખરીફ | ૧૪૦ |
| | રવિ | ૨૨૦ |

ન.જ.સં. પા. પુ.અને કલ્પ.વિભાગના ઠરાવ ક્રમાંકઃ-ડબલ્યુટીઆર/૧૦૦૭/૨૦/પી, તા૧૮/૫/૨૦૦૪નું બિડાણ.

## પરિશિષ્ટ.૧

તા.૧૬/૨/૨૦૦૧ થી અમલમાં આવતું વહેણ સિંચાઇ માટે આપાતા પાણીના દરનું માળખું.

| અ.નં. | પાક,મોસમ અને અન્ય વિગત | પાણીના હેકટર દીઠ દર(રૂપિયામાં)<br>તા.૧૬/૨/૨૦૦૧થી<br>તા.૧૫/૬/૨૦૦૧ સુધી |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ચ | બારમાસી પાક | |
| ૨૨ | શેરડી<br>વાર્ષિક બ્લોકઆપ | ૧૮૭૦ |
| | ખરીફ | ૩૮૦ |
| | રવિ | ૬૫૦ |
| | ઉનાળુ | ૮૪૦ |
| ૨૨-અ | પાકની વાવણીથી લણણી સુધીની સળંગ ૧૫ માસના સમય માટે ફોર્મ ભરેલો | ૨૨૫૦ |
| ૨૩ | કેળના પાક<br>વાર્ષિક બ્લોકઆપ | ૧૫૦૦ |
| | ખરીફ | ૩૧૦ |
| | રવિ | ૫૨૦ |
| | ઉનાળુ | ૬૭૦ |
| ૨૩-અ | પાકની વાવણીથી લણણી સુધીની સળંગ ૧૫ માસના સમય માટે ફોર્મ ભરેલો | ૧૮૦૦ |
| છ | અન્ય બારમાસી પાકો | |
| ૨૪ | રજકો (ગદબ) અને ઉપર દર્શાવ્યા સિવાયના અન્ય બારમાસી પાકો<br>વાર્ષિક બ્લોકઆપ | ૧૦૩૦ |
| | ખરીફ | ૨૨૦ |
| | રવિ | ૩૬૦ |
| | ઉનાળુ | ૪૫૦ |
| નોંધ.૧ | જે તે મોસમ પુરી થાય પછી મંજુર થયેલ વિસ્તારમાં નહેર નિયમના ફોર્મ નં.૬ પ્રમાણે પાકની પરિપકવતા માટે વધારાના તેમજ મોસમ અગાઉ ખેડવાણ માટેનો પાણીનો દર (પાકના બ્લોકઆપ દર પ્રમાણે મંજુરી લેનારને આ સવલત મળશે નહીં.) | ૫૦ |
| નોંધ.૨ | કોઇ પણ મોસમ અને પાક માટે સ્વતંત્ર એકવડા પાણીનો દર ( તા.૧૦/૩/૭૬ના ઠરાવમાં દર્શાવેલ શરતોને આધિન) | સંબંધિત મોસમના સંબંધિત દરના ૫૦% |

ન,જ,સં, પા, પુ,અને ક લ્પ.વિભાગના ઠરાવ ક્રમાંક:-ડબલ્યુટીઆર/૧૦૯૭/૨૦/પી, તા૧૮/૫/૨૦૦૪નું બિડાણ.

| પરિશિષ્ટ.૧ | | |
|---|---|---|
| તા.૧૬/૨/૨૦૦૧ થી અમલમાં આવતું વહેણ સિંચાઇ માટે અપાતા પાણીના દરનું માળખું. | | |
| અ.નં. | પાક,મોસમ અને અન્ય વિગત | પાણીના હેક્ટર દીઠ દર(રુપિયામાં)<br>તા.૧૬/૨/૨૦૦૧થી તા.૧૫/૬/૨૦૦૧ સુધી |
| ૧ | ૨ | ૩ |
| નોંધ-૩ | લીલો પડવાશ (ગ્રીન મેન્યોર) | ૪૫(મોસમ દીઠ) |
| નોંધ-૪ | ખરીફ મોસમમાં પાણી ઉપલબ્ધ હોય ત્યારે ક્ષારવાળી જમીનને નવસાધ્ય કરવા માટે ધોવાણ લીચીંગ અર્થે આપેલ પાણી. | વિના મુલ્યે |
| નોંધ-૫ | મોટી અનેમધ્યમ સિંચાઇ યોજના પર નહેરોના ટેસ્ટીંગ વખતે જે નવો વિસ્તાર સિંચાઇ હેઠળ આવે તે વિસ્તારમાં ખોરાકી દાણા અને ઘાસચારા માટે | પ્રથમ એકજ વર્ષ માટે જે તે મોસમના પાકના દરના ૫૦% ત્યારબાદ મોસમ પાકના દર |
| નોંધ-૬ | ખેડૂતોને પોતાને ખર્ચે થનાર ઉદ્રવહન સિંચાઇ માટેના દર | |
| ક. | નદી ઉપરના જળાશયકે આડબંધના ઉપરવાસમાં આઠ કિલોમીટર સુધીમાં ઉદ્રવહન સિંચાઇ. | વહેણ સિંચાઇના દર ૧/૩ |
| ખ. | સિંચાઇ યોજનાની નહેરમાંથી ઉદ્રવહન સિંચાઇ | વહેણ સિંચાઇના દર ૧/૨ |
| ગ. | નદી ઉપરના જળાશયકે આડબંધના વિસ્તારમાં ઉદ્રવહન સિંચાઇ | વહેણ સિંચાઇના દર ૧/૩ |
| ઘ. | જળાય અથવાતો આડબંધ યોજનાની હેઠવાસમાં નદી માંથી ઉદ્રવહન સિંચાઇ | કોઇ દર નહીં પરંતુ અગાઉથી સક્ષમ નહેર અધિકારીની નિયમ મુજબ પરવાનગી મેળવવાની રહેશે. |
| ચ. | ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ દ્વારા સંચાલિત ઉદ્રવહન સિંચાઇ | રુપિયા ૧.૨૦પ્રતિ ૧૦,૦૦૦લીટર |
| નોંધ-૭ | સિંચાઇ સહકારી મંડળીઓ દ્વારા લેવામાં આવનાર પાણી માટેના દર(સિંચાઇકારો દ્વારા યોજનાના કમાન્ડમા પિયત સહકારી મંડળી રચી તેમાટે વહેણ સિંચાઇર્થી લેવામાં આવનાર પાણીના દર) | નર્મદા, જળ સંપત્તિ અને પા.પુ.વિભાગના ઠરાવ ક્રમાંક: પીઆઇએમ/૧૦૯૭/સી-૧૪૮/સી૧તા.૩૦/૯/૯૭ મુજબ |
| નોંધ-૮ | ખરીફ રુતુ માટે દરેક સ્વતંત્ર પાણ દીઠ (ઠરાવ ક્રમાનક:ડબલ્યુટીઆર/૧૦૮૧/૩૦/પી.તા.૨૦/૫/૮૨માં જણાવેલશરતોએ) | પુરી રુતુના સામાન્ય દરના ૧૫ %(પંદર ટકા) |

ખાસ નોંધ:- સિંચાઇનુ વર્ષ ૧૬મી. જુનથી શરુ થાયછે આથી તા.૧૬/૬/૨૦૦૧થી શરુ થતા સિંચાઇ વર્ષથી દર વર્ષે ઉપરોક્ત દર્શાવેલ સુધારેલ પાણીના દરમાં ૧૫ %(પંદર ટકા)પ્રમાણે ઉત્તરોત્તર વધારો કરવાનો રહેશે. પાંચ વર્ષ પુરા થયા પછી આ દરોની સમીક્ષા કરવાની રહેશે.